# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-01-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :WEDNESDAY** **National News**

### આકાશવાણી સમાચાર **હીના મોદી** વાંચે છે.

*****************************************************

1) પ્રયાગરાજ ખાતે મહાકુંભમાં ધક્કામુક્કીમાં એક ગુજરાતી સહિત 30 શ્રધ્ધાળુનાં મૃત્યુ અને 60ને ઇજા

2) મૌની અમાસ નિમિત્તે સાંજે 6 વાગ્યા સુધીમાં આશરે 7 કરોડ શ્રધ્ધાળુઓએ ત્રિવેણી સંગમ ખાતે અમૃત સ્નાન કર્યું

3) નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસ પરેડમાં ગુજરાતે રજૂ કરેલા ટેબ્લોને ઓનલાઇન સર્વેમાં શ્રેષ્ઠ ટેબ્લોનો પુરસ્કાર

4) સરકારે 34 હજાર કરોડ રૂપિયાથી વધુનાં રોકાણ સાથેનાં રાષ્ટ્રીય મહત્વપૂર્ણ ખનીજ મિશનને મંજૂરી આપી

5) વકફ બિલ, અંગે સંયુક્ત સંસદીય સમિતિએ મુસદ્દા અહેવાલને મંજૂરી 2024 આપી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAHAKUMBH DEATH

ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં ગઈ કાલે રાત્રે થયેલી ધક્કામુક્કીમાં એક ગુજરાતી સહિત 30 શ્રધ્ધાળુનાં મૃત્યુ અને 60ને ઇજા થઈ છે. મૃતકોમાંથી 25 લોકોની ઓળખ થઈ ચૂકી છે. મૃતકોમાં કર્ણાટકના 4 શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે. મહાકુંભનાં મેળા અધિકારી ડીઆઇજી વૈભવ ક્રિશ્નાએ આજે સાંજે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, ગઈ કાલે રાત્રે 1થી 2 વાગ્યા દરમિયાન ભારે ભીડ બેરીકોડ તોડીને ધસી આવતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

મહાકુંભમાં ભાગદોડની ઘટના અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ગૃહમંત્રી અમિત શાહે દુઃખ વ્યક્ત કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ શોક વ્યક્ત કર્યો હતો.

(PM BYTE MODI ON MAHAKUMBH)

# MAHAKUMBH-AKHARA

મૌની અમાસ નિમિત્તે મહાકુંભનું બીજું અમૃત સ્નાન ત્રિવેણી સંગમ ખાતે ચાલી રહયું છે, જેમાં કરોડો શ્રધ્ધાળુઓ ગંગામાં ડૂબકી લગાવી રહ્યા છે. આજે 6 વાગ્યા સુધીમાં 7 કરોડ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું જ્યારે કુંભમેળો શરૂ થયો ત્યારથી 19 કરોડ 94 લાખ  શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું છે.

આજે વિવિધ અખાડાઓના સંતોએ ત્રિવેણી સંગમ ખાતે અમૃત સ્નાન કર્યું. આ પ્રસંગે સંતો પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. અગાઉ સંગમ ઘાટ ખાતે ભીડ અને ધક્કામુક્કીની ઘટનાને પગલે અખાડાઓની સ્નાન વિધિ મુલતવી રાખવામાં આવી હતી.

રેલવે વહીવટીતંત્રએ શ્રધ્ધાળુઓની સગવડતા માટે આજે 190 વિશેષ ટ્રેનો દોડાવી હતી. ઉત્તર મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શશીકાંત ત્રિપાઠીએ જણાવ્યું કે, સ્નાન કર્યા બાદ શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામા રેલેવ સ્ટેશન પરત ફરી રહ્યા છે.

રેલ્વેએ સોશિયલ મીડિયા પર ચાલી રહેલી એ અફવાને નકારી કાઢી છે કે કેટલીક વિશેષ ટ્રેનો રદ કરવામાં આવી છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, રેલવે બોર્ડના માહિતી અને પ્રચારના કાર્યકારી નિર્દેશક દિલીપ કુમારે આ અહેવાલોને સંપૂર્ણપણે પાયાવિહોણા અને ભ્રામક ગણાવ્યા હતા.

# BEST TABLEAU AWARDS

નવી દિલ્હીમાં કર્તવ્યપથ ખાતે 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસ પરેડમાં ગુજરાતે રજૂ કરેલા ટેબ્લો 'આનર્તપુરથી એકતાનગર સુધીવિરાસતથી - વિકાસનો અદભૂત સંગમ'ને લોકપ્રિય પસંદગી વિભાગમાં શ્રેષ્ઠ ટેબ્લોનો પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે, જ્યારે ઉત્તરપ્રદેશનાં ટેબ્લોને બીજું સ્થાન મળ્યું છે. MyGov પોર્ટલ પર ઓનલાઇન સર્વેક્ષણમાં ગુજરાતના ટેબ્લોને પ્રથમ ક્રમ મળ્યો છે.

'મહાકુંભ 2025 સ્વર્ણિમ ભારતઃ વિરાસત ઔર વિકાસ' વિષયવસ્તુ પર આધારિત ઉત્તરપ્રદેશનાં ટેબ્લોની શ્રેષ્ઠ ટેબ્લો તરીકે પસંદગી થઈ છે, જ્યારે ત્રિપુરાનો ટેબ્લો બીજા અને આંધ્રપ્રદેશનો ટેબ્લો ત્રીજા ક્રમે આવ્યો છે.

કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોમાં આદિવાસી બાબતોના મંત્રાલયના ટેબ્લો 'જનજાતિય ગૌરવ વર્ષ'ને પ્રથમ પુરસ્કાર જાહેર કરાયો છે. બેસ્ટ માર્ચિંગ કોન્ટીજન્ટ પુરસ્કાર માટે જમ્મુ અને કાશ્મીર રાઇફલ્સની પસંદગી કરાઈ છે.

# BEATING RETREAT CEREMONY

પ્રજાસત્તાક દિવસની ઉજવણીનાં ભાગ રૂપે નવી દિલ્હીમાં આજે સાંજે બિટીંગ રિટ્રીટ સમારોહ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ તથા અન્ય કેન્દ્રીય મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષનાં બિટીંગ રિટ્રીટ સમારોહમાં કુલ 30 પર્ફોર્મન્સ રજૂ કરવામાં આવ્યા હતા. ભૂમિ, નૌકા અને હવાઇ દળ તથા કેન્દ્રીય સશસ્ત્ર પોલિસ દળોનાં બેન્ડ દ્વારા કર્ણપ્રિય સંગીત રજૂ કરવામાં આવ્યું હતું.

# CABINET DECISIONS

સરકારે 34 હજાર કરોડ રૂપિયાથી વધુનાં રોકાણ સાથેનાં રાષ્ટ્રીય મહત્વપૂર્ણ ખનીજ મિશનની સ્થાપના માટે મંજૂરી આપી છે. ગ્રીન ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે મહત્વપૂર્ણ ખનીજ સંસાધનો માટે મૂલ્ય શ્રુંખલા ઊભી કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગેની માહિતી આપીઃ

(BYTE ASHWINI VAISHNAV ON ETHANOL)

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ઊર્જા પરિવર્તન, કૃષિ, સંરક્ષણ, ઇલેકટ્રોનિક્સ, ટેલિકમ્યુનિકેશન્સ, ટ્રાન્સપોર્ટ, એરોસ્પેસ, પરમાણુ સહિતનાં ક્ષેત્રો માટે ક્રિટિકલ મિનરલ ટેકનોલોજી મહત્વની છે. તેમણે જણાવ્યું કે, મહત્વપૂર્ણ ખનીજોનું ઉત્ખનન, ક્રિટિકલ મિનરલ બ્લોક્સ હસ્તગત કરવા અને ખનીજોની આયાત પરનું અવલંબન ઘટાડવાનાં હેતુથી આ મિશનને મંજૂર કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે ઇથેનોલ મિશ્રણને કારણે એક લાખ 13 હજાર કરોડ રૂપિયાનાં વિદેશી હૂંડિયામણની બચત થઈ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JPC WAQF

વક્ફ સુધારા ખરડા 2024 અંગે સંયુક્ત સંસદીય સમિતિએ આજે મુસદ્દા અહેવાલને સ્વીકાર્યો છે. નવી દિલ્હીમાં સંવાદદાતાઓ સાથેના સંવાદમાં 31 સભ્યની પૅનલના અધ્યક્ષ જગદમ્બિકા પાલે કહ્યું કે, સમિતિએ ખરડા સંબંધિત 14 ખંડ પર સુધારાને સ્વીકાર્યા છે. સમિતિનો અહેવાલ આવતીકાલે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને સોંપવામાં આવશે.

# PRE-BUDGET EXPECTATION- EDUCATION

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ પહેલી ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ 2025-26 માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. બજેટ રજૂ થાય તે પહેલાં આકાશવાણી સમાચાર, નિષ્ણાતો અને લોકોની કેન્દ્રીય બજેટ પાસેથી અપેક્ષાઓ રજૂ કરતી એક વિશેષ શ્રેણી પ્રસારીત કરી રહ્યું છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતા ટેકનોલોજી આધારિત શિક્ષણ સ્ટાર્ટઅપ યશવંત ચિતલિયાએ જણાવ્યું કે, સરકારે વિદ્યાર્થીઓને રોબોટિક સહિતની આધુનિક ટેકનોલોજીમાં કૌશલ્યની તાલીમ આપવા પર ભાર મૂકવો જોઇએ.

# DELHI-CAMPAIGN

પાંચ ફેબ્રુઆરીએ યોજાનારી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટેનો પ્રચાર વેગ પકડી રહ્યો છે. ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના અગ્રણી નેતાઓ રેલીઓ, રોડ શો અને ડોર-ટુ-ડોર પ્રચાર કરીને મતદારોને તેમના ઉમેદવારોની તરફેણમાં આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે એક ચૂંટણી રેલીમાં આમ આદમી પાર્ટી પર યમુના નદી વિશે જુઠ્ઠાણું ફેલાવવાનો અને દિલ્હીના રહેવાસીઓને ખોટા વચનો આપવાનો આરોપ લગાવ્યો.

દરમિયાન, કોંગ્રેસે મફત આરોગ્ય વીમો આપવાનું વચન આપતો પોતાનો ચૂંટણી ઢંઢેરો રજૂ કર્યો. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બે જાહેર રેલીને સંબોધિત કરી, જ્યારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ત્રણ મેગા રોડ શો કર્યા.

# DELHI-NAMO RAIL TICKET

રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર પરિવહન નિગમ- NCRTC એ નમો ભારત રેલવેએ મુસાફરોની સુવિધા માટે ટિકિટ પર 10 ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરી છે. નમો ભારત મોબાઇલ એપ પરથી ખરીદેલી ટિકિટ અને NCMC કાર્ડનો ઉપયોગ કરીને મુસાફરોને આ ડિસ્કાઉન્ટનો લાભ મળશે. NCRTC એ માહિતી આપી છે કે મુસાફરોની સુવિધા માટે, લોયલ્ટી પોઈન્ટ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે, જે હેઠળ મુસાફરોને ઘણા લાભો આપવામાં આવી રહ્યા છે.

# VIRAT KOHLI

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ઘરેલુ ક્રિકેટમાં દિલ્હીની ટીમમાંથી પુનરાગમન કરવા માટે તૈયાર છે.

તેઓ આવતીકાલે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રણજી ટ્રોફીમાં રેલવે સામે રમશે. મેચ સવારે 09:30 કલાકે શરૂ થશે. વિરાટ આયુષ બદોનીની કેપ્ટનશીપ હેઠળ રમશે.

ઉપલબ્ધતા હોય તો ઘરેલુ ક્રિકેટ રમવાના BCCIના આદેશ પછી કોહલી સ્થાનિક ક્રિકેટમાં રમશે. દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશન (DDCA) એ જાહેરાત કરી છે કે હંમશની જેમ આ રણજી મેચોમાં પણ દર્શકો માટે પ્રવેશ મફત રહેશે.

# NAXALISTED KILLED

ઝારખંડમાં, આજે પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે નક્સલવાદીઓ માર્યા ગયા છે. પોલિસ મહાનિદેશક આશુતોષ શેખરે જણાવ્યું કે, સર્ચ ઓપરેશન દરમિયાન થયેલી અથડામણમાં બે નક્સલીઓ માર્યા ગયા છે અને અનેક ઘાયલ થયા છે.

સીપીઆઈ માઓવાદીઓની ટુકડીએ પોલીસ દળો પર હુમલો કરવાની યોજના ઘડી હોવાની બાતમી મળ્યા બાદ સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળોએ બે રાઇફલ પણ જપ્ત કરી હતી.

# NATIONAL GAMES

ઉત્તરાખંડમાં રાષ્ટ્રીય રમતોત્સવમાં પુરુષોની વ્યક્તિગત ટ્રાયથ્લોનમાં મણિપુરના સરંગબામ અથૌબા મેઇતેઇએ સુવર્ણચંદ્રક અને તેલહેઇબા સોરમે રજતચંદ્રક જીત્યો.

મહિલા વ્યક્તિગત ટ્રાયથ્લોનમાં મહારાષ્ટ્રની ડોલી દેવીદાસ પાટીલે સુવર્ણચંદ્રક અને માનસી વિનોદ મોહિતેએ રજતચંદ્રક મેળવ્યો.

મહારાષ્ટ્ર બે સુવર્ણ સહિત કુલ ચાર ચંદ્રકો સાથે પ્રથમ અને મણિપુર એક સુવર્ણ અને એક રજતચંદ્રક સાથે બીજા અને મધ્યપ્રદેશ ત્રીજા ક્રમે છે.